# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પીજીવીસીએલ રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૦/ક્વા-૧/૨૧-૨૨/૩૯૦૭-૨ તા.૨૫-૦૬-૨૦૨૧**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- **૧૦/ક્વા-૧/૨૧-૨૨**

અરજદાર: પારખીયા જગદીશભાઈ રામજીભાઈ ગામ: માંડણ-કુંડલા
પેટા વિભાગીય કચેરી : ગોંડલ ગ્રામ્ય-૧

:: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી - ગોંડલ

:: કોરમ ::

**૧)** ચેરપર્સન **-** શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર **-** શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૨૫-૦૬-૨૧ **(**શુક્રવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૫-૦૬-૨૧ **(**શુક્રવાર**)** ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં સદર કેઈસની સમીક્ષા ફોરમ કમિટી દ્વારા કરવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર પારખીયા જગદીશભાઈ રામજીભાઈ જણાવે છે કે તેઓ ગામ **-** માંડણ કુંડલા ખાતે ગ્રાહક નં-૩૩૧૩૩-૦૦૩૯૫-૦ થી ૦૫ હોપાનું ખેતીવાડી વીજજોડાણ ધરાવે છે જેમાં અરજદાર દ્વારા તારીખ-૨૭-૧૦-૧૩ થી હયાત ૦૫ હોપાના જોડાણમાં ૨.૫ હોપાના વીજભાર વધારાની (કુલ ૭.૫ હોપા) ની માંગણી કરી હતી**.** પરંતુ તેઓને ૦૫ હોપા મુજબ બિલીંગ કરવામાં આવતું હતું. તેઓને એમ કે તેઓનું જોડાણ ૭.૫ હોપા નું થયેલ નથી. અરજદાર જણાવે છે કે તેઓને નોટીસ મળી છે કે તેઓનું જોડાણ હવે ૭.૫ હોપાનું થઈ ગયું છે અને રૂ.૧૨૧૯૨.૪૦ ભરવાના છે. અરજદાર જણાવે છે કે હાલમાં પણ તેઓને વાડીએ ૫.૦ હોપાની જ મોટર છે. આમ અરજદારે ઓડીટ રીકવરી અન્વયેના વીજબીલ ની રકમ રદબાતલ કરવા માટે ફોરમ સમક્ષ માંગણી કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.0 અરજદારની રજૂઆત અન્વયે - પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે જગદીશભાઈ રામજીભાઈ પારખીયા રહે. ગામ - માંડણ કુંડલા ગ્રાહક નં-૩૩૧૩૩-00૩૯૫-0 ની ફરિયાદ બાબતે અરજદારશ્રી ના વીજજોડાણવાળા સ્થળ પર જઈને તથા અરજદારશ્રીને રૂબરૂ કચેરીએ બોલાવવામાં આવેલ. અરજદારને આપવામાં આવેલ ઓડીટ બીલ વિશે વિસ્તૃત સમજણ આપતા – અરજદારને સંતોષકારક લાગતા ઓડીટ રીકવરી બીલની રકમ રૂ.૧૨૨૦૦/- રસીદ નં – ૨૩૧૩૦૯ તા.0૭-0૬-૨૧ ના રોજ થી ભરપાઈ કરેલ છે અને તે અન્વયે અરજદારશ્રીએ તા.0૭-0૬-૨૧ ના રોજ લેખિત સમાધાનપત્રમાં સહી કરી આપેલ છે.

## :: હુકમ ::

૪.0 અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ ઉપરોક્ત મુદ્દા નં. ૨.0 મુજબ ની અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા ઉપરોક્ત મુદ્દા નં ૩.0 મુજબ અરજદારની ફરિયાદનું નિરાકરણ થતા અરજદારે લેખિત સમાધાનપત્ર તા.0૭-0૬-૨૧ માં સહી કરી આપેલ છે.

૪.૨ આમ ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનું રહેતું ન હોય અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

૪.૩ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| **(એન.એચ.જોષી)** | **(જે.બી.પારેખ)** |
| **સભ્ય (સ્વતંત્ર)** | **ચેરપર્સન** |